# એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ

ACPC

એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

## ઈજનેરી ડિપ્લોમા હોલ્ડર્સને સંબંધિત ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માં સીધો પ્રવેશ : વર્ષ ૨૦૧૭-૧૮

ડિપ્લોમા ઈજનેરી પછીના ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માં સીધા પ્રવેશ માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે રાજ્ય સરકારે સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર સંસ્થાઓની સરકારી બેઠકો માટે પ્રવેશ વર્ષ ૨૦૧૭ માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કરવાનું નક્કી કરેલ છે. જે માટે ઈન્ટરનેટના માધ્યમ દ્વારા પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જે ઉમેદવારને ઈન્ટરનેટ માધ્યમ ઉપલબ્ધ ન હોય તેવા ઉમેદવારો પ્રવેશ સમિતિ દ્વારા નિર્ધારીત હેલ્પ સેન્ટરનો એડમીશન અંતર્ગત કાર્યવાહી તથા માહિતી મેળવવા માટે વિનામૂલ્યે ઉપયોગ કરી શકશે. હેલ્પ સેન્ટર તથા બેંકની શાખાઓની વિગત વેબસાઈટ **www.jacpcldce.ac.in** ઉપર મૂકવામાં આવેલ છે. માર્ગદર્શન માટે પ્રવેશ સમિતિનાં ૨૪ કલાક કાર્યરત હેલ્પ લાઈન નંબર : **૦૭૯-૨૬૫૬૬૦૦૦** ઉપર સંપર્ક કરી શકાશે.

(૧) **પ્રવેશ યોગ્યતા :** ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય સ્વાયત્ત સંસ્થાઓ/યુનિવર્સિટીઓમાંથી સંબંધિત ડિપ્લોમા ઈજનેરીની વિદ્યાશાખાની અંતિમ પરીક્ષા નવેમ્બર/ડિસેમ્બર-૨૦૧૬ માં અથવા એપ્રિલ/મે-૨૦૧૭ માં ઓછામાં ઓછા ૪૫% ગુણ સાથે (અનામત કક્ષા માટે ૪૦%) પાસ કરેલ હોય તેવા ઉમેદવારો.

(૨) એડમિશન રજિસ્ટ્રેશન માટે વિદ્યાર્થીએ વેબસાઈટ **www.jacpcldce.ac.in** ઉપર દર્શાવેલ યાદી મુજબની કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત શાખાઓ ખાતેથી રજિસ્ટ્રેશન ફી **રૂા. ૩૫૦/- રોકડા** (નોન-રીફન્ડેબલ) આપી **તા. ૦૩-૦૭-૨૦૧૭ થી તા. ૧૦-૦૭-૨૦૧૭ સુધી** કામકાજના સમય દરમ્યાન (જાહેર રજાનાં દિવસો સિવાય) PIN મેળવવાના રહેશે. E-Booklet પ્રવેશ સમિતિની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

(૩) ઓનલાઈન એડમિશન માટે ઉમેદવારે પ્રવેશ સમિતિની વેબસાઈટ **www.gujacpcadm.nic.in** પરથી ઓનલાઈન રજિસ્ટ્રેશન **તા. ૦૪-૦૭-૨૦૧૭ સવારે ૧૨-૦૦ કલાકથી તા. ૧૧-૦૭-૨૦૧૭ સાંજે ૦૫:૦૦ કલાક સુધીમાં** કરાવવાનું રહેશે. ત્યારબાદ ઓનલાઈન રજિસ્ટ્રેશન થઈ શકશે નહીં.

(૪) પ્રવેશ વર્ષ ૨૦૧૭ માટે અત્રેની સમિતિની પ્રવેશ કાર્યવાહીમાં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. અન્ય કોઈપણ રીતે રજિસ્ટ્રેશન ઉપલબ્ધ થઈ શકશે નહીં જેની નોધ લેવી.

(૫) ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યા બાદ તમામ ઉમેદવારે રજિસ્ટ્રેશન ફોર્મ તથા અન્ય જરૂરી **પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ (ઓરીજીનલ નહિં) ફરજિયાત તા. ૦૪-૦૭-૨૦૧૭ થી તા. ૧૧-૦૭-૨૦૧૭ સાંજે ૦૫-૦૦ કલાક સુધીમાં** નજીકના નિર્ધારીત હેલ્પ સેન્ટર ખાતે જમા કરાવી રજીસ્ટ્રેશન કાર્યવાહી પૂર્ણ કરી આ અંગેની પહોંચ મેળવવાની રહેશે. આ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ ઉમેદવાર ચોઈસ ફિલીંગ તથા પ્રવેશની આગળની પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. જે ઉમેદવારો હેલ્પ સેન્ટર ખાતે જઈ રજિસ્ટ્રેશન કરાવી સ્લીપ નહીં મેળવે તેવા ઉમેદવારો આગળના તબક્કાની પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહીં. હેલ્પ સેન્ટરોની યાદી વેબસાઈટ **www.jacpcldce.ac.in** ઉપર મૂકવામાં આવેલ છે.

(૬) ઓનલાઈન એડમિશનને લગતી તમામ માહિતી જેવી કે નોટીફિકેશન, સંસ્થાઓની યાદી, સંસ્થાઓનો પરિચય, ગત વર્ષના કટ ઓફ માર્કસ, પ્રવેશ પાત્રતા, રીઝર્વેશન પોલિસી, હેલ્પ સેન્ટરોની યાદી, બેન્ક શાખાની યાદી, રજિસ્ટ્રેશન ફી, ટ્યુશન ફી, વિવિધ પ્રકારના ફોર્મ્સ, પ્રવેશ અંગેનો કાર્યક્રમ તથા Latest Updateની માહિતી વેબસાઈટ **www.jacpcldce.ac.in** અને **હેલ્પ લાઈન નંબર : ૦૭૯-૨૬૫૬૬૦૦૦** પરથી મળી શકશે.

(૭) હેલ્પ સેન્ટર પ્રવેશ કાર્યવાહીના દિવસો દરમ્યાન સવારે ૧૧-૦૦ કલાકથી સાંજે ૦૫-૦૦ કલાક સુધી, રવિવાર તેમજ જાહેર રજાનાં દિવસો સિવાય કાર્યરત રહેશે. હેલ્પ સેન્ટર પરથી પ્રવેશ અંગેની તમામ કાર્યવાહી વિનામૂલ્યે થઈ શકશે.

(૮) **કોઈપણ વર્ષ/સેમેસ્ટરમાં એ.ટી.કે.ટી. કે બેકલોગ ધરાવનાર અથવા પરિણામ જાહેર થવાનું બાકી હોય તેવા કોઈપણ ઉમેદવારોનાં અરજીપત્રકો સ્વીકારાશે નહી જેની નોંધ લેવી.**

તા. ૩૦-૦૬-૨૦૧૭

**— મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**